ADDYSG CYMRU
EDUCATION WALES
cenhadaeth ein cenedl | our national mission

Llywodraeth Cymru
Welsh Government

# વેલ્સ માટ અભ્યાસક્રમ માટની ગાઈડ



આ ડોક્યુમેન્ટ hwb.gov.wales પર 18 ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.

# શિક્ષણ બદલાઈ રહ્યું છે



## વિશ્વ બદલાઈ રહ્યું છે, આપણને નવા વિચારો અને ટેકનોલોજીના સર્જનાત્મક ઉપયોગની જરૂર છે.

આ પડકારોનો સામનો કરવા માટે, વેલ્શ સરકાર ખાતરી કરવા માંગે છે કે તમારા બાળક પાસે જ્ઞાન, કૌશલ્યો અને શૈક્ષણિક અનુભવો છે જે તેમને જીવનનો મહત્તમ ઉપયોગ કરવા માટે જરૂર પડશે.

**વેલ્સ માટે અભ્યાસક્રમ વિકસાવવા,સમગ્ર વેલ્સના શિક્ષકો અને શિક્ષણ નિષ્ણાતો સાથે મળીને કામ કરી રહ્યા છે.** તેઓ અન્ય શિક્ષકોએ લખેલા માર્ગદર્શનનો ઉપયોગ કરી રહ્યા છે, જેથી તેઓ બાળકો શું શીખે તેની યોજના બનાવી શકે.

તમારા બાળકની શાળામાં, **તમારા શિક્ષકો દ્વારા અભ્યાસક્રમની રચના** કરવામાં આવી રહી છે. તેઓ અન્ય શિક્ષકોએ લખેલા ગાઈડનો ઉપયોગ કરી રહ્યા છે, જેથી તેઓ બાળકો શું શીખે તેની યોજના બનાવી શકે.

અભ્યાસક્રમ **બધા બાળકો માટે રચાયેલ છે**. તે તમારા બાળકને વાસ્તવિક જીવનના અર્થ સાથે સર્જનાત્મક પાઠ સાથે ટેકો આપશે. તે તેમની જરૂરિયાતોને અનુરૂપ બનશે અને તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચવામાં મદદ કરશે. વિશ્વ આજકાલ વધુ જોડાયેલ છે, તેથી તેઓ જે શીખે છે તે પણ વધુ જોડાયેલ છે.

આજકાલ, વિશ્વ વધુ જોડાયેલ છે, તેથી તેઓ જે શીખે છે તે પણ વધુ જોડાયેલ છે. જ્ઞાન ખરેખર મહત્વપૂર્ણ છે, અને તેમને **ઝડપથી બદલાતી દુનિયા માટે** જરૂરી કૌશલ્યો અને અનુભવો પણ આપવામાં આવશે.

તમારી શાળા નીચેની બાબતો પર તમારા બાળકને ટકો આપી રહી છ:

- મહત્વાકાંક્ષી, સક્ષમ શીખનાર બનવા માટ, જીવનભર શીખવા માટ તૈયાર
- એક સાહસિક, સજનાત્મક યોગદાનકર્તા, જીવનમાં અને કાર્યમાં સંપૂર્ણ ભાગ ભજવવા માટ તૈયાર
- નૈતિક, જાણકાર નાગરિક બનવા માટ, વેલ્સ અને વિશ્વમાં ભાગ લેવા માટ તૈયાર અને,
- એક સ્વસ્થ, આત્મવિશ્વાસ વ્યક્તિ, સમાજના મૂલ્યવાન સભ્ય તરીક પરિપૂર્ણ જીવન જીવવા માટ તૈયાર

આ અભ્યાસક્રમના 'ચાર હતઓ' તરીક ઓળખાય છ



# શિક્ષણ અને અનુભવના ક્ષેત્રો

સાક્ષરતા, સંખ્યા અને ડિજિટલ સ્કિલ સાથે, **શિક્ષણ અને અનભવના છ ક્ષેત્રો છ.** તમારુ બાળક જ શીખશે તે બધં આ ક્ષેત્રો સાથે જોડાયેલ હશે.




**અભ્યાસક્રમમાં નીચેના મુદ્દાઓ પણ શામેલ છે:**

- માનવ અધિકાર
- વિવિધતા અને તફાવતોનો આદર કરવો
- કારકિર્દી અને કાર્યસ્થળ માટે અનુભવો અને કુશળતા
- સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંદર્ભો વિશે શીખવું
- વિકાસલક્ષી યોગ્ય સંબંધો અને જાતીયતા શિક્ષણ.

# શિક્ષણ અને અનુભવના ક્ષેત્રો



**એક્સેસિવ આર્ટસમાં,** તમારું બાળક તેમની સર્જનાત્મક, કલાત્મક અને પ્રદર્શન કુશળતા વિકસાવવા માટે કલા, નૃત્ય, નાટક, સંગીત, ફિલ્મ અને ડિજિટલ મીડિયાનું અન્વેષણ કરશે.



**હ્યુમેનિટીસમાં** તેઓ વિશ્વ, સમાજ અને ભૂતકાળ અને વર્તમાનની ઘટનાઓ વિશે શીખશે. તેઓ અન્વેષણ કરશે કે આપણે વિશ્વ અને તેના લોકોનું રક્ષણ કરવા અને ભવિષ્યમાં આપણને જે પડકારો અને તકોનો સામનો કરવો પડે છે તેની સુરક્ષા માટે આપણે કઈ નૈતિક પગલાં લેવા જોઈએ.



**મેથમેટિક્સ અને નયૂમરસીમાં,** તમારું બાળક તેમની સંખ્યાઓની સમજ વિકસાવશે અને ગણિતમાં પ્રતીકોનો ઉપયોગ કરશે. તેઓ આકારો અને માપનું અન્વેષણ કરશે અને સ્ટેટિસ્ટિક અને પ્રોબેબિલિટી વિશે શીખશે.



**હેલ્થ અને વેલ-બીઇંગ માં** ભાવનાત્મક સુખાકારી સહિત તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની સંભાળ રાખવા વિશે છે. તેઓ સ્વસ્થ આહાર વિશે અને ઓનલાઈન અને ઓફલાઈન બંનેને કેવી રીતે સુરક્ષિત રાખવા, પ્રભાવો સાથે વ્યવહાર કરવા અને તંદુરસ્ત સંબંધો વિકસાવવા વિશે શીખશે.



**લેન્ગવેજ, લિટરેસી અને કમ્યુનિકેશનમાં,** તમારું બાળક વિવિધ ભાષાઓ વિશે શીખશે. તેઓ પ્રાથમિક શાળામાંથી વેલ્શ, અંગ્રેજી અને ઓછામાં ઓછી એક અન્ય ભાષા સમજી શકશે અને તેનો ઉપયોગ કરશે. તેમની વાતચીત કૌશલ્ય વિકસાવવા સાથે, તેઓ સાહિત્ય વિશે શીખશે, જેમાં તેમની પોતાની વાર્તાઓ, કવિતાઓ અને પ્રદર્શનો પણ સામેલ છે.



**સાઇન્સ અને ટેક્નોલોજીમાં,** તમારું બાળક જીવવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને કમ્પ્યુટર વિજ્ઞાન વિશે શીખશે. તેઓ ડિઝાઇન અને એન્જિનિયરિંગ, જીવંત વસ્તુઓ, દ્રવ્ય, દળો અને ઊર્જા અને કમ્પ્યુટર્સ કેવી રીતે કાર્ય કરે છે તે વિશે શીખશે.

# શું સૌથી વધુ મહત્વનું છે

તમારા બાળકના શિક્ષણમાં એવી બાબતો પર ધ્યાન કન્દ્રિત કરવં જોઈએ ક જ તેમના માટ હવે અને જ્યાર તેઓ મોટા થાય ત્યાર મહત્વપણ છ.

શિક્ષણ અને અનભવના પ્રત્યક ક્ષત્ર દરક વયના બાળકો માટ શિક્ષણને આકાર આપતી બાબતોના નિવેદનો સમાવે છ. આ તમારા બાળકને તેઓ શ શીખી રહ્યા છ અને વિષયો એકબીજા સાથે કવી રીતે જોડાય છ તે વિશે વિચારવામાં મદદ કર છ અન સામાન્ય રીત કાય અને જીવન સાથે જોડાય છ. તેઓ દર વર્ષે તમારા બાળકને પ્રગતિ કરવા માટ પણ ટકો આપે છ કારણ ક તેઓ તેમની સમજ અને કશળતા વિકસાવે છ.

તમારા બાળક ને જીવન માટે મહત્વપૂર્ણ કૌશલ્યો શીખવાની વધુ તકો છે જે તેમને નીચેની બાબતોમાં મદદ કરશે:

- તેમની આસપાસની દુનિયાની કદર કરવી
- પ્રશ્નો પૂછવા, પુરાવાઓ જોવા, નિર્ણય લેવા અને સમસ્યાઓ ઉકેલવા
- અન્વેષણ કરવા, વાતચીત કરવા, યોજનાઓ બનાવવા અને ઉકેલો શોધવા
- સ્થિતિસ્થાપકતા કેળવવી અને તેમની સુખાકારીનું સંચાલન કરવું
- અન્ય લોકો સાથે કામ કરવા અને
- શિક્ષણ, કાર્ય અને ઉદ્યોગસાહસિકતાના અર્થપૂર્ણ અનુભવોના આધારે તેમની ભાવિ કારકિર્દી વિશે નિર્ણયો લેવા.

## આ કેવી રીતે કાર્ય કરે છે તેનું ઉદાહરણ

શિક્ષણ અને અનુભવના સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રમાં,શું મહત્વનું છે તે નિવેદનોમાંથી એક છે:

***'આપણી આસપાસની દુનિયા જીવંત વસ્તુઓથી ભરેલી છે જે અસ્તિત્વ માટે એકબીજા પર નિર્ભર છે.'***

જેમ તમારું બાળક શીખશે, તેઓ આ વિશે જુદી જુદી રીતે વિચારશે, જેમ કે:

- હું જાણું છું કે લુપ્તપ્રાય પ્રજાતિઓ છે.
- હું સમજું છું કે, હું જે કરું છું તેની અસર પર્યાવરણ, લોકો અને પ્રાણીઓ પર પડે છે.
- હું પર્યાવરણ, મનુષ્યો અને પ્રાણીઓ પર વાતાવરણ મા ફેરફાર ની અસર ઘટાડવાની રીતો ઓળખી શકું છું.

# કેવી રીતે શીખવું, જેથી તે તમારા બાળક માટે કામ કરે.

અભ્યાસક્રમ તમારા બાળકના જ્ઞાન, કૌશલ્યો અને અનુભવોને વિકસાવવામાં મદદ કરવા માટે રચાયેલ છે.

તેઓ આ રીતે આગળ વધશે:

- તેઓ વધુ શીખશે
- તેમનું, વસ્તુઓની સમજ ઊંડી થતી જશે
- તેમની વાતચીત કરવાનું કૌશલ્ય વધશે, અને
- તેમની કુશળતા સુધરશે.

એવો સમય હોઈ શકે છે જ્યારે તેઓ:

- ઝડપથી આગળ વધશે અથવા
- તેઓ કોઈ વિષયને સમજે છે તેની ખાતરી કરવા માટે અથવા તેઓ કંઈક શોધે છે જે તેમને રસ છે, તેઓ ધીમા પડી જશે.

શિક્ષણ હંમેશા તેમની ઉંમર સાથે જોડાયેલું નથી. તે દરેક માટે એક જ સમયે, એક જ રીતે થતું નથી.

# મૂલ્યાંકન

દરરોજ, મૂલ્યાંકન એ તમારા બાળકના શિક્ષણનો ભાગ હશે.

તેઓ કેટલું સારું કરી રહ્યા છે તે સમજવા માટે તેઓ તેમના શિક્ષકો સાથે કામ કરશે. નીચેની બાબતોમાં તેમને મદદ કરવા માટે આ મહત્વપૂર્ણ છે:

- તેઓ તેમના અભ્યાસમાં ક્યાં છે તે જોવા માટે
- તેમના આગામી શિક્ષણની યોજના બનાવવા માટે
- કોઈપણ સમસ્યાઓ ને ઓળખવા અથવા વધારાના સમર્થનની જરૂરી માટે



અને તેમના શિક્ષકોને:

- તેમને પડકારવાની રીતો શોધવામાં મદદ કરવા,અને
- વિદ્યાર્થીઓ કેટલું સારું કરી રહ્યા છે, તે જોવામાં મદદ કરવા માટે.



**તમારા બાળકને આગળ વધવા માટ જરૂરી મદદ મળ તેની ખાતરી કરવા માટ શાળા પણ તમારી સાથે કામ કરશે.**

# ભવિષ્ય માટે યોગ્ય

તમારું બાળક 14-16 સુધી જે લાયકાતનો અભ્યાસ કરે છે તે અભ્યાસક્રમ સાથે બંધબેસશે.

ભવિષ્યમાં, તેમજ અત્યારે આપણી પાસે જે લાયકાત છે, અન્ય વિષયો પણ હોઈ શકે છે.
લાયકાત વિશે વધુ માહિતી માટે
https://qualifications.wales/information-support/information-for-parents-carers/

મૂલ્યાંકનના વિવિધ પ્રકારો પણ હશે, ઉદાહરણ તરીકે, ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ થઈ શકે છે.





તમારી શાળાના અભ્યાસક્રમને વિકસાવવામાં મદદ કરવા માટે, તમારા, તમારા બાળક અને સમુદાય માટે પુષ્કળ તકો છે.

શાળામાં અને ઘરે, દરેક વ્યક્તિ સાથે મળીને તમારા બાળકને શ્રેષ્ઠ શિક્ષણ મેળવવા અને ભવિષ્ય માટે તૈયાર કરવામાં મદદ કરશે.

**અભ્યાસક્રમ વિશે વધુ જાણવા માટે, તમારા બાળકના શિક્ષકોને પૂછો.**

**અભ્યાસક્રમમાં વેલ્સ અને BSL માટેના અભ્યાસક્રમ વિશે બાળકો, યુવાનો અને પરિવારો માટે બ્રિટિશ સાઇન લેંગ્વેજ (BSL) વિડિયો એજ્યુકેશન** વેલ્સ યુટ્યુબ ચેનલ પર ઉપલબ્ધ છે.

**તમે વધુ માહિતી પણ ઍક્સેસ કરી શકો છો**

@WG_Education
@edubeginsathome

@EducationWales
@beginsathome